150 YEARS OF CELEBRATING THE MAHATMA

## સમાજ કલ્યાણ શાખા

## જિલ્લા પંચાયત,પાલનપુર, બનાસકાંઠા

ફોન નં.૦૨૭૪૨-૨૫૨૬૩૧ ફેકસ નં.૦૨૭૪૨ – ૨૫૨૬૩૧

ઇ-મેઇલ.નં.swo-ddo-ban@gujarat.gov.in


નં.જિ.પં./સ.ક./સ.સા.યો./વશી/..૭૨૦......./૨૦૧૯-૨૦ તા.૧૯/૦૯/૨૦૧૯

<u>સમય મર્યાદા/અગત્યનું</u>

પ્રતિ,

આચાર્યશ્રી,

................................

મું................તા..............

જિ.બનાસકાંઠા

વિષયઃ સરસ્વતી સાધના યોજના અંતર્ગત અનુસૂચિત જાતિની વિધાર્થીનીઓને મળવાની બાકી રહી ગયેલ સાયકલ બાબત.

<u>પરિપત્ર</u>

આથી બનાસકાંઠા જિલ્લાની તમામ ગ્રાંટ-ઇન-એઇડ પ્રાઇવેટ તથા સરકારી માધ્યમિક શાળાના આચાર્યશ્રીને જણાવવાનું કે,અનુસુચિત જાતિની ધો.-૯ માં અભ્યાસ કરતી વિધાર્થીઓને "સરસ્વતી સાધના યોજના" હેઠળ મળવા પાત્ર સાયકલોની ઓનલાઇન દરખાસ્ત અત્રેની કચેરીના પરિપત્ર નં. અજાક/સાયકલ/ ૨૧૫૪ થી ૨૨૨૯/૨૦૧૯-૨૦ તા.૨૭/૦૬/૨૦૧૯ થી મોકલી આપવા જણાવવામાં આવેલ હતું,જે મુજબ દરખાસ્ત ઓનલાઇન મોકલવાની રહે છે. જે શાળાઓને સાયકલની દરખાસ્ત મોકલવાની બાકી રહી ગયેલ હોય તો ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર જઇ સાયકલની દરખાસ્ત હાયર ઓથોરીટીને મોકલી આપવી.સાયકલ દરખાસ્ત નહિ કરેલ હોય તો તેની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે. ગ્રીમકો કંપની તરફથી મળેલ સાયકલ બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકા મથકેથી સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરેલ છે. દરેક તાલુકાની તમામ સરકારી અને ગાન્ટ-ઇન-એઇડ પ્રાઇવેટ શાળાના આચાર્યશ્રીને જણાવવાનું કે જે શાળામાં અનુસુચિત જાતિની વિધાર્થીનીઓની સરસ્વતી સાધના યોજના અન્વયે સાયકલ મેળવવાની બાકી રહી ગયેલ હોય તો અત્રેની કચેરીનો સંપર્ક કરી જેતે તાલુકા મથકેથી તાત્કાલીક **દિન-૫(પાંચ)** માં મેળવી લેવાની રહેશે. જો આમ કરવામાં નહિ આવે તો વિધાર્થીનીઓને બાકી રહી ગયેલ અથવા નહી મળેલ સાયકલ માટેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે જેની નોંધ લેવી.

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**બનાસકાંઠા, પાલનપુર**

**સમાજ કલ્યાણ અધિકારીશ્રી**
**જિલ્લા પંચાયત, બનાસકાંઠા**
**પાલનપુર**

Scanned by CamScanner